**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૭ ટકા

# શહેરમાં છેલ્લા સપ્તાહમાં કમળાના ૪૯ કેસ

ગાંધીનગર, તા.૮

વરસાદી વાતાવરણ અને ભેજવાળી આબોહવાને પગલે શહેરમાં રોગચાળો દિનપ્રતિદિન માથું ઉંચકી રહ્યો છે. જિલ્લામાં સ્વાઈન ફલુના પણ કેસ સામે આવી રહ્યા છે. આરોગ્ય તંત્ર રોગાચાળાને કાબુમાં કરવા મથામણ કરી રહ્યું છે તો બીજીતરફ ઝાડા-ઉલ્ટી, મેલેરીયા, કોલેરાના દર્દીઓની સંખ્યા વધતી જાય છે. શહેરની હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. ત્યારે છેલ્લા સપ્તાહમાં તા.૧ થી ૭ ઓગસ્ટ દરમિયાન હોસ્પિટલમાં કોલેરા-૧, ઝાડા-ઉલ્ટીના-૩૧, કમળાના-૪૯, મેલેરીયાના -૩૩ કેસ સામે આવ્યા છે જેમાં ૨ દર્દીને ઝેરી મેલેરીયાના લક્ષણો જોવા મળ્યા છે. જેને પગલે આરોગ્ય તંત્ર દ્વારા પાણીજન્ય અને વાહકજન્ય રોગાચાળો વધુ વકરે નહીં તેના માટે તકેદારીના પગલા લેવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં અત્યારે હાલના સમયે ઘરે ઘરે ખાટલા જોવા મળે છે. નગરમાં ભેજવાળી આબોહવાની સીધી અસર નાગરીકોના સ્વાસ્થય પર પડે છે. જેના પગલે તાવ, શરદી, ઉધરસ, માથુ દુખવું, શરીર તુટવું, આંખો માં બળતરા થવી, થાક લાગવો, સહિતના દર્દીઓ શહેરમાં જોવા મળી રહ્યા છે. વરસાદ બાદ ખદબદતી ગંદકી વચ્ચે મચ્છરોના ત્રાસ અસહ્ય બનતા નાગરીકો પણ હેરાન પરેશાન થઈ ગયા છે. શહેરમાં રોગચાળો બેકાબુ બની રહ્યો છે તેવી સ્થિતિમાં નગરમાં બિન આરોગ્યપ્રદ ખોરાકની હાટડીઓ ખુલ્લેઆમ ધમધમી રહી છે. તંત્રએ બિન આરોગ્યપ્રદ હાટડીઓ પર પણ લગામ ખેંચવાની જરુર છે. શહેરની હોસ્પિટલ તેમજ પ્રાઈવેટ કલીનીક પર દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. ત્યારે ગત તા.૧ થી ૭ ઓગસ્ટ દરમિયાન કોલેરા-૧, ઝાડા-ઉલ્ટીના-૩૧, કમળાના-૪૯ અને મેલેરીયાના-૩૩ કેસ સામે આવ્યા છે. આ તમામ કેસની સાથે સ્વાઈન ફલુના કેસ પણ જિલ્લામાં પ્રકાશમાં આવતા આરોગ્ય વિભાગ હરકતમાં આવી ગયું છે. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા તાત્કાલીક અસરથી તકેદારીના પગલા ભરવામાં આવી રહ્યા છે. જયારે શહેરના નાગરીકોએ પણ બજારમાં મળતો બિન આરોગ્યપ્રદ ખોરાક આરોગવાનું ટાળવુ જોઈએ.

## ચિલોડા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ પ્રાથમિક શાળામાં રક્ષાબંધનની ઉજવણી

ચિલોડા, તા.૮

તાલુકાના ચિલોડા-સ્વામિનારાયણ ગુરુકુળ પ્રાથમિક શાળાના બાળકોએ રક્ષાબંધનના પર્વની ઉજવણી કરી હતી. જેમાં ચિલોડા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય સેવા કેન્દ્રની રાજયોગિની તારાદીદી તથા



બી.કે.મીરાબેને શાળાના આચાર્ય માનસિંહ ચૌધરી તથા શિક્ષકગણને હાથે રાખડી બાંધી મોં મીઠું કરાવી ઉજવણી કરી હતી. આ પ્રસંગે રાજયોગિની તારાદીદીએ રક્ષાબંધન પર્વનો મહિમા સમજાવી નારી તું નારાયણી, સ્ત્રીનું સન્માન, વ્યસનમુકિત વિશે શુભ સંદેશો પાઠવી પર્વ ઉજવ્યો હતો.

# પૂરગ્રસ્તોને એનએનએસ યુનિટે પ્રાથમિક જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કર્યું

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સેકટર-૨૩ સ્થિત અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એનએનએસ યુનિટ દ્વારા બનાસકાંઠા અને પાટણ જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારમાં રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. એનએનએસ યુનિટ દ્વારા ઘઉં-ચોખા-મસાલા-તેલ-કપડાં-ચપ્પલ વગેરેની ૩૦૦ કીટ બનાવવામાં આવી હતી. જે અસરગ્રસ્ત વિસ્તારના પૂર પ્રભાવિત પરિવારોને આપવામાં આવી છે.

ઉત્તર ગુજરાતમાં અતિવૃષ્ટિના કારણે બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પૂરના પાણી ફરી





વળ્યા હતા. આ કારણે હજારો પરિવારો બે ઘર થવા પામ્યા છે. આ પરિવારોને રોજીંદી જરૂરિયાતમાં પ્રાથમિક ધોરણે જરૂર પડતી ચીજવસ્તુઓ જેવી કે અનાજ, કપડાં, ચપ્પલ વગેરેનું ગાંધીનગરની અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એનએનએસ યુનિટ દ્વારા વિતરણ કરવાનું સેવા કાર્ય હાથ ધરાયું હતું. એનએનએસ યુનિટ દ્વારા ૩૦૦ કિલોગ્રામ ચોખા, ૩૦૦ કિલોગ્રામ ઘઉં, ૧૫૦૦ નંગ કપડાં, ૧૨૦૦ નંગથી વધુ મરી મસાલાના પેકેટસ, તેલ, ચપ્પલ જેવી ચીજવસ્તુઓનું એકત્રિકરણ કરાયું હતું. આ ચીજવસ્તુઓમાંથી ૩૦૦ કીટ તૈયાર કરવામાં આવી હતી. આ કીટસનું બનાસકાંઠા-પાટણ જિલ્લાના પૂરના અસરગ્રસ્તોમાં વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ કાર્ય માટે એનએનએસ યુનિટના સ્વયંસેવકો સાથે પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવી તથા પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા પણ આ માનવતાપૂર્વ સેવાકાર્યમાં જોડાયા હતા.

રાહત સામગ્રી વિતરણમાં જૈમિન પટેલ, કુલદીપ રથવી, નિલાંજના રાય, પિન્કલ પટેલ, વિરલ ચાવડા, હાર્દિક ગજેરા, નિખિલ ડોબરિયા, જયદીપ દેસાઈ, યુવરાજ પાવરા, નિલેષ સિંધવ, જય પટેલ, હાર્દિક રથવી, મિત કોપાણી સ્વયંસેવક તરીકે જોડાયા હતા.

# પત્નિના પ્રેમીને ઘરે બોલાવીને પતિએ કરેલી હત્યા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક આવેલા શાહપુર ગામમાં ગઈ રાત્રે એક પરિણીત યુવાનની કરપીણ હત્યા થઈ જતા ચકચાર મચી જવા પામી છે. પત્નિના પ્રેમી આ યુવાનને ઘરે બોલાવીને પતિએ તેના ભાઈ સાથે મળી પ્રેમીની હત્યા કરી નાખી હોવાની વિગતો બહાર આવી છે. હત્યા બાદ ગુનાને અંજામ આપનારા બંને ભાઈઓ ફરાર થઈ ગયા છે. ડભોડા પોલીસે મૃતક પ્રેમીના ભાઈની ફરિયાદ આધારે પ્રેમિકાના પતિ અને જેઠ સામે ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ શાહપુર ગામમાં રહેતા ગોવિંદજી



ઉર્ફે માઈકલ વિષ્ણુજી ઠાકોર (ઉ.વ. ૩૪) ને ગામમાં જ રહેતી પરિણીતા સાથે પ્રેમ સંબંધ હતો. આ બાબતની પ્રેમીકાના ઘરે ખબર પડી જતા અગાઉ મારામારી થઈ હતી. ત્યારબાદ ગઈ કાલે તે જ યુવાનનો મૃતદેહ રાત્રે પ્રેમીકાના ઘરમાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ગોવિંદ પરિણીત યુવાન છે અને બે સંતાન પણ છે. ગોવિંદ અને તેનો ભાઈ સુનિલ તથા પિતા વિષ્ણુજી ગઈ સાંજે ગામમાં તખુજી ભલાજીને ત્યાં ભજનમાં ગયા હતા. ભજન દરમિયાન કોઈ ફોન આવતા ગોવિંદ ત્યાંથી નીકળી ગયો હતો અને થોડી વારમાં ભજન સ્થળે જ મેસેજ મળ્યા કે ગોવિંદની હત્યા થઈ ગઈ છે. શાહપુર ગામના પરાવાસમાં રહેતી પ્રેમીકાના ઘરે તેણીના પતિએ બોલાવીને પ્રેમી ગોવિંદની હત્યા કરી નાંખી હોવાની વિગતો બહાર આવી છે. ગોવિંદને તેની પ્રેમિકાના પતિ અમરાજી નેનાજી ઠાકોર અને જેઠ દશરથ નેનાજી ઠાકોરે મળીને ઘરે બોલાવી રાત્રે તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી નાંખી હોવાનું ખુલતા મૃતકના ભાઈ સુનિલ ઠાકોરે ડભોડા પોલીસ મથકે બંને સામે હત્યાની ફરિયાદ આપતા ડભોડા પીએસઆઈ ડી.બી. વાળાએ ગુનો નોંધી ફરાર હત્યારાની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## માનસિક વિશિષ્ટ બાળકોને રક્ષાબંધન



રક્ષાબંધનના તહેવારમાં સુરક્ષાની કામનાની ભાવના છુપાયેલી છે. મહાભારતના યુધ્ધ વખતે માતા કુંતીએ અભિમન્યુની રક્ષા માટે તેને રાખડી બાંધી હતી. રક્ષાબંધનના પર્વની જયારે શહેરમાં ઉલ્લાસપૂર્ણ ઉજવણી થઈ રહી હતી ત્યારે સેકટર-૭માં હેત ફાઉન્ડેશન ખાતે માનસિક વિશિષ્ટ બાળકોને પણ આ પર્વની ઉજવણીમાં જોડાયાનો આનંદ સાંપડયો હતો. સંસ્થાના કર્મચારીઓ દ્વારા તમામ બાળકોને રાખડી બાંધી તેમનું મ્હો મીઠું કરાવાયું હતું. આ સાથે આ બાળકોની સલામતી અને વિકાસની કામના કરવામાં આવી હતી.

## આઈ લવ માય ગાંધીનગર



**જયંતકુમાર બી રાવલ**
**પૂર્વ આચાર્ય,**
**ટીંટોડા પગાર કેન્દ્ર શાળા**

**ગાંધીનગર ગમે**

ગાંધીનગર એ અન્ય શહેરો કરતાં કિલન છે. અહીં હરિયાળી વધારે પ્રમાણમાં હોવાથી અને વસતીની ગીચતા ન હોવાથી આ શહેર મને ગમે છે.

**નગરજનો**

શિક્ષિત અને સંસ્કારી નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરમાં થતી કલા, સાંસ્કૃતિક અને સેવા પ્રવૃત્તિઓ ગમે છે. જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, જી ઈ કલબ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, લાયન્સ, રૉટરી કલબ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

નગરના વિવિધ માર્ગો પર ઓળખચિહ્નો દર્શાવતાં બૉર્ડ મૂકવામાં આવે તો બહારગામથી આવતાં લોકોને તકલીફ ન પડે એવું મારું માનવું છે.

**નગર માટે હું કરી શકું**

સ્વચ્છતા માટેના સઘળા ઉપક્રમો માટે હું મારી સહાય આપવા માટે હું તૈયાર છું.

## રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે રક્ષાબંધનની ઉજવણી

ગાંધીનગર, તા.૮

ભાઈ બહેનના પવિત્ર સંબંધનો પવિત્ર તહેવાર એટલે રક્ષાબંધન. ભારતમાં ઉજવાતા દરેક તહેવારોનું એક ધાર્મિક અને પારંપરિક મહત્વ છે અને આજની આધુનિક પેઢીને આપણા પરંપરાગત મૂલ્યોનું શિક્ષણ આપવું પણ ખૂબ જ




જરૂરી બને છે. રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ, આલમપુર પોતાના વિદ્યાર્થીઓને આ પાયાનું શિક્ષણ આપવા કટિબદ્ધ છે શાળા ખાતે રક્ષાબંધનની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. શાળાના પ્રી-પ્રાયમરી અને પહેલા- બીજા ધોરણના બાળકો પરંપરાગત પરિધાનમાં સજ્જ થઈને આવેલા હતા. સૌપ્રથમ બાળકોને રક્ષાબંધનના તહેવારનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ત્યાર બાદ વિદ્યાર્થીનીઓ દ્વારા વિદ્યાર્થીઓને રાખડી બાંધવામાં આવી હતી અને વિદ્યાર્થીઓએ પણ પોતાની બહેનોને મીઠાઈ ખવડાવી ને મોઢુ મીઠું કરાવ્યું હતું. સમગ્ર ઉજવણી દરમિયાન બાળકાનો ઉત્સાહ અને આનંદ જ અનેરો હતો.

# મહિલા સશકિતકરણ પખવાડીયા અંતર્ગત મહિલા જાગૃતિ દિવસ ઉજવાયો





ગાંધીનગર, તા.૮

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા 'મહિલા સશકિતકરણ પખવાડિયા'ની ઉજવણી કરાઈ રહી છે. જેના ભાગરૂપે ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે 'આજે મહિલા કૃષિ, મહિલા શિક્ષણ દિવસ, મહિલા સ્વચ્છતા દિવસ, મહિલા જાગૃતિ દિવસની' ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી જે.બી.બારૈયા, સેનિટેશન સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી એસ.એમ.ચૌધરી, બ્રહ્માકુમારી પરિવારથી પધારેલ શ્રી કૈલાશ દીદીજી, મેઘા દીદીજી એન.યુ.એલ.એમ. મેનેજર રાહુલભાઈ, રીતીબેન ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટાફ તેમજ ૩૦ જેટલી બહેનો એ આજે આ દિવસની ઉજવણી નિમિતેના કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

આજના વિવિધ દિવસની ઉજવણી નિમિતે સેકટર -૧૭ ફાયર સ્ટેશન ખાતે વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ કોર્પોરેશન ખાતે સફાઈના વિવિધ સાધનોનું નિદર્શન કરવામાં આવ્યું હતું અને સફાઈ કરવા અને કચરાના વિભાજન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ મહિલાઓ દ્વારા ઘરની સફાઈ થી લઈ આજુબાજુની સફાઈ અને સ્વચ્છ ભારતના સ્વપ્નને સાર્થક કરવા સ્વચ્છતા અંગે સામુહિક શપથ લેવામાં આવી હતી. જેમાં સ્વચ્છતા સબંધિત જાગૃતિ ફેલાવવા કટ્ટીબદ્ધ થવાનો હેતુ હતો . તેમજ બ્રહ્માકુમારીના દીદીજીએ પણ આપણી આજુબાજુની સ્વચ્છતાની સાથે વૈચારિક સ્વચ્છતાને મહત્વ આપવાનું જણાવ્યું હતું.

# સ્કૂલ ઓફ અચિવરમાં પર્યાવરણ જાગૃતિનો કાર્યક્રમ 'કોશિશ' યોજાયો



ગાંધીનગર, તા.૮

સ્કૂલ ઓફ અચિવર, કુડાસણમાં તા. ૫મી ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ સાંસ્કૃતિક પ્રવૃત્તિ સમિતિ દ્વારા ઈકો કલબની સહભાગિતાથી 'કોશિશ' શીર્ષક હેઠળ એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્ષાબંધન અને પર્યાવરણ જાગૃતિનો સમન્વય કરી આ કાર્યક્રમને અર્થપૂર્ણ બનાવાયો હતો.

પ્રથમ તબક્કામાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રકૃતિ ગીત, અભિનય ગીત, કાવ્ય પઠન તથા વકતવ્ય દ્વારા વૃક્ષોનું મહત્વ તથા તેમના ઉછેર અને જાળવણી પર પ્રકાશ પડાયો હતો. વૃશ્રછેદનને કારણે પર્યાવરણ સામે ઉભા થયેલ ખતરાનો નિર્દેશ કરી પર્યાવરણ સુરક્ષાનો સંદેશ પાઠવાયો હતો. વિદ્યાર્થીઓ તથા શિક્ષકો તથા સ્ટાફને એક છોડ તથા વૃક્ષ ઉછેર માટેનો સંકલ્પ પત્ર આપી પર્યાવરણ જાગૃતિ ક્ષેત્રે મહત્વનું કામ થયું હતું. આશરે ૮૦૦ કરતાં પણ વધુ વૃક્ષોનું વિતરણ કરી સ્કૂલે વૃક્ષારોપણ ક્ષેત્રે મહત્વનું કદમ મુકયું હતું.

બીજા તબક્કામાં વિદ્યાર્થીની બહેનોએ વિદ્યાર્થી ભાઈઓ ઉપરાંત સ્ટાફને રાખડી બાંધી ભાઈ-બહેનના સ્નેહના પવિત્ર પર્વની ઉજવણી કરી હતી. વૃક્ષના છોડને રાખડી બાંધી પર્યાવરણ સુરક્ષાના ધ્યેયની માર્મિક રજૂઆત કરી હતી. સ્કૂલના આચાર્ય તથા ઉપાચાર્યએ પ્રાસંગિક પ્રવચન કરી સંદેશ પાઠવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમ શિક્ષક દિલીપભાઈ લીંબાચિયાના કો-ઓર્ડીનેશન હેઠળ તમામ શિક્ષકોએ સફળ બનાવ્યો હતો. પ્રકાશ પટેલના સૂત્રધારત્વ હેઠળ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## @ગાંધીનગર

- સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં કમનીય કલાદર્શન હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ ભુવનેશભાઈ ઓઝા, ઈ-૪૦૪, શિવાલય રેસીડેન્સી, કાનમ-૧ રેસીડેન્સીની સામે, કુડાસણ ખાતે યોજાશે.
- સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના ભાનુભાઈ સી. ભટ્ટ પ્લોટ નં. ૬૬૫/૧, પંચવટી પાર્ક ખાતે રાત્રીના ૯ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.
- શ્રી રામધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિત્તે રમકડાંના હિંડોળાના દર્શન તથા રામકથા યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ખાતે શિવ મહિમ્ન પાઠ નરેન્દ્રકુમાર બી. રાવલ, ૨૯૮/૧, કિસાનનગર ખાતે રાત્રિના ૯ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.
- આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની ઉજવણી સવારે ૯.૦૦ કલાકે સે-૧૨, ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે ઉજવાશે.

## વાતવાતમાં

- ગાંધીનગરમાં અત્યાર સુધી રાજયસભાની અનેક ચુંટણીઓ યોજાઈ ચુકી છે પરંતુ આ ચુંટણીઓ કયારે આવી અને કયારે ગઈ તેની જાહેર જનતાને ખબર પણ નહોતી રહેતી. આ વખતે પહેલી વાર રાજયસભાની ચુંટણી કેવી રીતે થાય છે અને તેની મતગણતરીનું ગણિત શું છે તેની અબાલવૃધ્ધ સૌ કોઈને ખબર પડી જવા પામી છે.

## શ્રી અરવિંદનો ૧૪૬મો જન્મદિન ૧૫મી ઓગસ્ટે ઉજવાશે

ગાંધીનગર, તા.૮

૧૫મી ઓગસ્ટના રોજ શ્રી અરવિંદના ૧૪૬મા જન્મદિન પ્રસંગે અરવિંદ કેન્દ્ર, સે-૨૩ ખાતે કાર્યક્રમ યોજવામાં આવેલ છે. સવારે સાડા નવથી અગિયાર વાગ્યા દરમિયાન વાંચન, ધ્યાન અને પ્રાર્થના યોજાશે. સાંજે પાંચથી આઠ કલાક દરમિયાન કેન્દ્રમાં ચાલતી વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ આંબેડકર હોલ, સે-૧૨ ખાતે યોજવામાં આવેલ છે તો રસ ધરાવતા સર્વે સુજ્ઞ નાગિરકોને ઉપસ્થિત રહેવા ચેરમેન ડૉ. સી.કે. તન્નાએ નિમંત્રણ પાઠવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. ઝાલા વિક્રમજી લક્ષ્મણજી, ઉ.વ. ૪૦
- સ્વ. ઠાકોર મહોતજી રાસાજી, ઉ.વ. ૫૦
- સ્વ. ભીખીબેન નાથુભાઈ વાઘેલા, ઉ.વ. ૬૨
- સ્વ. સોલંકી ગોવિંદજી ભવાનજી, ઉ.વ. ૪૮
- સ્વ. મનહરસિંહ કિશોરસિંહ ડાભી, ઉ.વ. ૭૫
- સ્વ. ઉધરેજીયા રાજુભાઈ પથુભાઈ, ઉ.વ. ૪૦
- સ્વ. તારાબેન પ્રભુદાસ સન્નમ, ઉ.વ. ૭૧